# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૧ તા.૨૨-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- NMMS અંતર્ગત બાયસેગ પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : રાપબો/NMMS/૨૦૨૧/૫૪૩-૫૮૫ તા.૨૨-૦૧-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા વિવિધ પ્રકારની પરીક્ષાનું આયોજન કરાય છે. ગુજરાત વર્ચ્યુઅલ શાળાના પ્લેટ ફોર્મ પરથી બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જરૂરી માર્ગદર્શન તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની મોક ટેસ્ટનો અનુભવ મળી રહે તે હેતુસર રોજ નિયમિત ૧૫:૦૦ કલાકથી ૧૬:૦૦ કલાક સુધી પ્રસારણ કરવામાં આવે છે. તમામ એપિસોડનું પ્રસારણ બાયસેગની વંદે ગુજરાત-૮ નંબરની ચેનલ પરથી દિવસમાં ચાર વખત પ્રસારિત કરવામાં આવે છે.

તા.૨૭/૦૨/૨૦૨૧ સુધી તમામ શનિવારના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુગલ ફોર્મની લિંકથી બાળકોના મોક ટેસ્ટ લેવાનું હાલ ચાલી રહયું છે. આ બાબતે તમામ શાળાઓને ગુજરાત વર્ચ્યુઅલ શાળા અને મોક ટેસ્ટનું માર્ગદર્શન મળી રહે તે માટે તા.૨૭/૦૧/૨૦૨૧ને બુધવારના રોજ સવારે ૦૯:૪૫ થી ૧૧:૧૫ કલાક દરમિયાન વંદે ગુજરાત-૫ પર ટેલિકોન્ફરન્સનું આયોજન કરેલ છે. તો તમામ મુખ્ય શિક્ષકશ્રીઓ, ઉત્સાહી શિક્ષકશ્રીઓ,સી.આર.સી.કો.ઓર્ડિનેટર, યુ.આર.સી.કો.ઓર્ડિનેટર અને મોનીટરિંગ પ્રોજેક્ટ સ્ટાફે ટેલિકોન્ફરન્સ નિહાળવાની રહેશે.

મોક ટેસ્ટમાં વધારેમાં વધારે બાળકો સામેલ થાય તેવું આયોજન કરવાનું રહેશે.

તા.૨૨-૦૧-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી